# ખેડૂત ઉપયોગી સંશોધન ભલામણો –૨૦૦૯

(૧) જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવેલ /ભલામણ કરવામાં આવેલ વિવિધ પાકોની સુધારેલી/સંકર જાતોની માહિતી

## ૧.૧ ગુજરાત સંકર ભીંડા – ૨ (જીજેઓએચ–૨)

ગુજરાત રાજયમાં સૌરાષ્ટ્ર,મધ્ય ગુજરાત તથા દક્ષિણ ગુજરાતમાં, ચોમાસુ ઋતુમાં ભીંડાનો પાક ઉગાડતા ખેડૂતોને ભીંડાની સંકર જાત, ગુજરાત સંકર ભીંડા – ૨ (જીજેઓએચ–૨)ની વાવેતર માટે ભલામણ કરવામાં આવે છે. આ જાતના ભીંડાનું સૌથી વધુ ઉત્પાદન ૧૪૮.૩૬ કવીન્ટલ/હેકટર મળેલ છે. જે નિયંત્રિત જાતો ગુજરાત સંકર ભીંડા–૧(૧૨૩.૪૦ કવીન્ટલ/હેકટર ), પરભણી ક્રાંતિ (૧૧૬.૦૩ કવીન્ટલ/હેકટર ) તથા પુસા સાવની (૧૦૫.૨૬ કવીન્ટલ/હેકટર ) કરતા અનુક્રમે ૨૩.૩૩, ૨૭.૮૬ તથા ૪૦.૯૫ ટકા વધારે માલુમ પડેલ છે. આ જાતના ભીંડાની શીંગો લીલી, કુમળી તથા આકર્ષક થાય છે.

(સંશોધન વૈજ્ઞાનિક(લસણ–ડુંગળી), શાકભાજી સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, જૂનાગઢ)

## ૧.૨ ગુજરાત જૂનાગઢ સીતાફળ –૧(જીજેસીએ–૧)

સીતાફળ સીલેકશન –૧૮ નું સરેરાશ ઉત્પાદન ૨૬.૮૧ કી. ગ્રા./ઝાડ મળેલ છે. જે સ્થાનિક સીંધણ જાતનાં ઉત્પાદન (૧૮.૩૮ કી. ગ્રા./ઝાડ) કરતાં ૪૫.૮૬ ટકા વધારે માલુમ પડેલ છે. આ સીલેકશન સ્થાનિક સીંધણ જાત કરતાં વધુ ઉચાઇ અને વધુ પ્રમાણમાં ઘેરાવો ધરાવે છે. આ સીલેકશન નાં ફળો મધ્યમ કદનાં, લંબગોળ, આકર્ષક તથા લીલા રંગના છે. આ ઉપરાંત તેના ફળોમાં બીજની સંખ્યા સ્થાનિક જાત કરતાં ઓછી તેમજ પલ્પ પણ સ્થાનિક જાત કરતાં વધારે છે. આ સીલેકશન –૧૮ સૌરાષ્ટ્ર વિસ્તારના ખેડૂતોને ગુજરાત જૂનાગઢ સીતાફળ – ૧ (જી. જે. સી. એ. – ૧) ના નામથી વાવેતર માટે ભલામણ કરવામાં આવે છે.

(પ્રાધ્યાપક અને વડા, બાગાયતશાસ્ત્ર વિભાગ, જૂકૃયુ, જૂનાગઢ)

## (૨) ધાન્ય પાકો

### ૨.૧ બાજરી

### (ક) બાજરીમાં ગાભમારાની ઈયળનું નિયંત્રણ

ઉત્તર સૈરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના બાજરો ઉગાડતા ખેડૂતોને ગાભમારાની ઈયળના અસરકારક નિયંત્રણ માટે ઉગાવાના ૨૦ અને ૪૦ દિવસ બાદ ફેનવલરેટ ૧૦ ઈ.સી. ૦.૦૧ ટકા ( ૧૦ લિટર પાણીમાં ૧૦ મિ.લિ. દવા ) અથવા એન્ડોસલ્ફાન ૩૫ ઈ.સી. ૦.૦૭ ટકા ( ૧૦ લિટર પાણીમાં ૨૦ મિ.લિ. દવા ) અથવા સાઈપરમેથ્રીન ૧૦ ઈ.સી. ૦.૦૧ ટકા ( ૧૦ લિટર પાણીમાં ૧૦ મિ.લિ. દવા ) અથવા ઈન્ડોકઝાકાર્બ ૧૪.૫ એસ.સી. ૦.૦૦૭૫ ટકા ( ૧૦ લિટર પાણીમાં ૫ મિ.લિ. દવા ) દવાનો છંટકાવ કરવા ભલામણ કરવામાં આવે છે.

(પ્રાધ્યાપક અને વડા, કિટકશાસ્ત્ર વિભાગ, જૂકૃયુ,જૂનાગઢ)

### (ખ) બાજરીમાં રાસાયણિક ખાતર સાથે દિવેલી ખોળનો ઉપયોગ

ઉતર સૈરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારમાં ચોમાસુ બાજરી વાવતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, બાજરીનાં પાકને ભલામણ કરેલ રાસાયણિક ખાતરનાં ૫૦ ટકા જથ્થાની (નાઈટ્રોજન અને ફોસ્ફરસ ૪૦:૨૦ કિગ્રા / હે.) સાથે ૨.૫ ટન કમ્પોસ્ટ અને ૫૦૦ કિગ્રા/હે. દિવેલીનો ખોળ હેકટરે આપવાથી મહતમ ઉત્પાદન અને આર્થિક વળતર મેળવી શકાય છે.

(સંશોધન વૈજ્ઞાનિક(કૃષિ વિજ્ઞાન), સૂકી ખેતી સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, તરઘડીયા)

## ૨.૨ ઘઉ

### (ક) ઘઉ–મગફળી પાક પધ્ધતિમાં ખાતરનો ઉપયોગ

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત–આબોહવાકીય વિસ્તારની મધ્યમ કાળી ચુનાયુકત (અછત થી મધ્યમ લભ્ય પોટાશ અને ઝીંક) જમીનમાં ઘઉ–મગફળી પાક પધ્ધતિ અપનાવતા ખેડૂતોને વધુ ઉત્પાદન મેળવવા માટે ઘઉ અને મગફળી પાકને ભલામણ કરેલ રાસાયણિક ખાતરના જથ્થા (ના.ફો.૧૨૦:૬૦ અને ૧૨.૫ :૨૫ કિ.ગ્રા. પ્રતિ હેકટરે) ઉપરાંત ઘઉના પાકમાં જ પાયાના ખાતરમાં ૮૦ કિ.ગ્રા. પોટાશ અને ૨૫ કિ.ગ્રા. ઝીંક સલ્ફેટ પ્રતિ હેકટરે આપવાની ભલામણ કરવામાં આવે છે.

(પ્રાધ્યાપક અને વડા, કૃષિ રસાયણશાસ્ત્ર વિભાગ, જૂકૃયુ,જૂનાગઢ)

## (૩) તેલીબિયાં પાકો

## ૩.૧ મગફળી

### (ક) મગફળી જીજી–૨૦ ની વાવેતર પધ્ધતિ

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારમાં વરસાદ આધારીત મગફળી જીજી ૨૦ ની જાત ઉગાડતા ખેડૂતોને આથી ભલામણ કરવામાં આવે છે કે વાવેતર પહેલા દાંતી, રાપથી જમીન તૈયાર કરી પહોળા કયારા અને નીક પધ્ધતિથી ( ૯૦ સે.મી. પહોળાઈના કયારા બનાવી બે કયારા વચ્ચે ૩૦ સે.મી. પહોળાઈ અને ૧૫ સે.મી. ઉંડાઈની નીક ખોલી) વાવેતર કરવાથી વધારે ઉત્પાદન અને ચોખ્ખી આવક મેળવી શકાય છે.

(પ્રાધ્યાપક અને વડા, એગ્રોનોમી વિભાગ, જૂકૃયુ,જૂનાગઢ)

### (ખ) મગફળીના થડના સડાનું નિયંત્રણ

ઉતર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારનાં ખેડૂતોને સલાહ આપવામાં આવે છે કે, મગફળીનાં થડનાં સડાનાં અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે એરંડીનો ખોળ ૭૫૦ કિગ્રા/હે. મગફળી વાવતા પહેલા ચાસમાં નાખવાની ભલામણ કરવામાં અવે છે.

(સંશોધન વૈજ્ઞાનિક(કૃષિ વિજ્ઞાન), સૂકી ખેતી સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, તરઘડીયા)

## ૩.૨ તલ

### (ક) ચોમાસુ તલમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ

ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના ચોમાસુ ઋતુમાં તલ ઉગાડતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે તલનું વધારે ઉત્પાદન અને ચોખ્ખી આવક મેળવવા માટે ગુજરાત તલ–૩ જાતમાં ભલામણ મુજબનો રાસાયણિક ખાતરનો જથ્થો (૫૦–૨૫–૦૦ એનપીકે કિલો/હે) જે ૨૫ કિલો નાઈટ્રોજન, ૨૫ કિલો ફોસ્ફરસ પ્રતિ હેકટરે પાયાના ખાતર તરીકે અને બાકીનો ૨૫ કિલો નાઈટ્રોજન પૂર્તિ ખાતર રૂપે આપવા ભલામણ છે.

(સંશોધન વૈજ્ઞાનિક(પાક સંવર્ધન),કૃષિ સંશોધન કેન્દ્ર, જૂકૃયુ,અમરેલી)

## (ખ) ચોમાસુ તલ પાકમાં દિવેલીના ખોળ અને છાણિયાં ખાતરનો ઉપયોગ

ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના ચોમાસુ ઋતુમાં તલ ( ગુજરાત તલ – ૨) ઉગાડતા ખેડૂતોએ તલનું વધારે ઉત્પાદન અને ચોખ્ખી આવક મેળવવા માટે પ્રતિ હેકટરે ૧ ટન દિવેલી ખોળ અથવા પ્રતિ હેકટર ૭.૫૦ ટન છાણીયું ખાતર, ૭૫૦ કિલો દિવેલી ખોળ જમીનમાં આપવા ભલામણ છે.

(સંશોધન વૈજ્ઞાનિક(પાક સંવર્ધન),કૃષિ સંશોધન કેન્દ્ર, જૂકૃયુ,અમરેલી)

## (ગ) ઉનાળુ તલ પાકમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ

ઉતર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના ઉનાળુ ઋતુમાં તલ ( ગુજરાત તલ – ૨ ) ઉગાડતા ખેડૂતોએ તલનું વધારે ઉત્પાદન અને ચોખ્ખી આવક મેળવવા માટે પ્રતિ હેકટરે ૨૫ કિલો નાઈટ્રોજન અને ૨૫ કિલો ફોસ્ફરસ પાયાના ખાતર તરીકે અને ૨૫ કિલો નાઈટ્રોજન પૂર્તિ ખાતર રૂપે પાક ૩૦ દિવસનો થયે આપવા ભલામણ છે.
(સંશોધન વૈજ્ઞાનિક(પાક સંવર્ધન),કૃષિ સંશોધન કેન્દ્ર, જૂકૃયુ,અમરેલી)

## (ઘ) તલમાં ભૂકીછારાનું નિયંત્રણ

ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે તલના ભૂકીછારા રોગનાં અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે હેકઝાકોનાઝોલ ૦.૦૦૫ ટકા મિશ્ર કરી રોગની શરૂઆત થાય કે તૂરત ૧૫ દિવસને અંતરે બે છંટકાવ કરવા.
(સંશોધન વૈજ્ઞાનિક(વનસ્પતિ રોગશાસ્ત્ર), સૂકી ખેતી સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, તરઘડીયા)

# ૩.૩ સૂર્યમુખી

## (ક) ચોમાસુ સૂર્યમુખીમાં રાસાયણિક ખાતર સાથે ગંધકનો ઉપયોગ

ઉતર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારનાં ચોમાસુ સૂર્યમુખી (ગુ.સૂર્યમુખી–૧) ઉગાડતા ખેડૂતોને ભલામણ મુજબના રાસાયણિક ખાતર (૯૦–૫૦–૦૦ ના.ફો.પો.કિલો/હે) ના જથ્થા ઉપરાંત ૪૦ કિલો સલ્ફર પ્રતિ હેકટર જીપ્સમના રૂપમાં જમીનમાં આપવા ભલામણ કરવામાં આવે છે.

(સંશોધન વૈજ્ઞાનિક(પાક સંવર્ધન),કૃષિ સંશોધન કેન્દ્ર, જૂકૃયુ,અમરેલી)

## (ખ) ચોમાસુ સૂર્યમુખીમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ

ઉતર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારનાં ચોમાસુ સૂર્યમુખી (ગુ. સૂર્યમુખી–૧) ઉગાડતા ખેડૂતોને વધુ ઉત્પાદન અને ચોખ્ખો નફો મેળવવા માટે ૪૫ કિલો નાઈટ્રોજન અને ૬૦ કિલો ફોસ્ફરસ પાયાના ખાતર તરીકે અને ૪૫ કિલો નાઈટ્રોજન પૂર્તિ ખાતર રુપે આપવા ભલામણ છે.

(સંશોધન વૈજ્ઞાનિક(પાક સંવર્ધન),કૃષિ સંશોધન કેન્દ્ર, જૂકૃયુ,અમરેલી)

## ૩.૪ દિવેલા

### (ક) દિવેલાના પાકને પિયત

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત –આબોહવાકીય વિસ્તારના ખેડૂતો જેઓના પિયત પાણીની ખારાશ ર ડે.સા. (ડેસી સાયમન્સ) પ્રતિ મીટર સુધી હોય તેઓને દિવેલા જાત જીસી–૩ નું વાવેતર કરવાની ભલામણ કરવામાં આવે છે.

(પ્રાધ્યાપક અને વડા, કૃષિ રસાયણશાસ્ત્ર વિભાગ, જૂકૃયુ, જૂનાગઢ)

### (ખ) દિવેલામાં રાસાયણિક ખાતરનો ઉપયોગ

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત–આબોહવાકીય વિસ્તારની મધ્યમ, કાળી, ચુનાયુકત અછતથી મધ્યમ લભ્ય પોટાશ અને ઝીંકવાળી જમીનમાં દિવેલાનું વાવેતર કરતા ખેડૂતોને પાકના ભલામણ કરેલ રાસાયણિક ખાતર ના.ફો.૭૫ :૫૦ કિલોગ્રામ પ્રતિ હેકટરના જથ્થા ઉપરાંત ૫૦ કિલોગ્રામ પોટાશ અને ૫૦ કિલોગ્રામ ઝીંક સલ્ફેટ પ્રતિ હેકટરે આપવાની ભલામણ કરવામાં આવે છે.

(પ્રાધ્યાપક અને વડા, કૃષિ રસાયણશાસ્ત્ર વિભાગ, જૂકૃયુ, જૂનાગઢ)

### (ગ) દિવેલા(શિયાળુ)–મગફળી(ચોમાસુ) પાક પધ્ધતિ

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારમાં દિવેલા (શિયાળુ) અને મગફળી (ચોમાસુ) પાક પધ્ધતિ અપનાવતા ખેડૂતોને દિવેલાનું વધુ ઉત્પાદન અને વળતર મેળવવા દિવેલાના બીજને એઝોસ્પીરીલીયમ અને ફોસ્ફરસ દ્રાવ્ય કરતા બેકટેરીયાના કલ્ચરની માવજત સાથે ભલામણ મુજબ રાસાયણિક ખાતર (ના.ફો.૭૫:૫૦ કિલોગ્રામ/હેકટર) આપવાની સલાહ આપવામાં આવે છે.

**(પ્રાધ્યાપક અને વડા, (કૃષિ રસાયણશાસ્ત્ર) જૂ.કૃ.યુ., જૂનાગઢ અને મદદનીશ સં.વૈ.મધ્યસ્થ સંશોધન કેન્દ્ર, સાગડીવીડી, જૂ.કૃ.યુ., જૂનાગઢ**

## (૪) કઠોળ પાકો

## ૪.૧ તુવેર

### (ક) તુવેરના બીજને રાયઝોબિયમ કલ્ચરની માવજત અને રાસાયણિક ખાતર

દક્ષિણ સોરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના મગફળીમાં તુવેરને રીલે પાક તરીકે વાવતા ખેડૂતોને સલાહ આપવામાં આવે છે કે વધુ ઉત્પાદન અને ચોખ્ખો નફો મેળવવા માટે તુવેરના બીજને વાવણી પહેલા રાઈઝોબિયમ કલ્ચરની માવજત ( ૨૫ ગ્રામ / કિલો બીજ ) અને ભલામણ કરેલ રાસાયણિક ખાતરનો ૭૫ ટકા જથ્થો (૨૦–૩૭.૫ કિ.ગ્રા ના.ફો./હે.) આપવો. આ જથ્થામાંનો નાઈટ્રોજન બે સરખા હપ્તામાં એટલે કે પહેલો હપ્તો વાવણી સમયે અને બીજો હપ્તો પાળા ચઢાવતી વખતે એટલે કે પ્રથમ પિયત સમયે આપવો

(સંશોધન વૈજ્ઞાનિક(ચણા), કઠોળ સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, જૂનાગઢ)

## (૫) રોકડીયા પાકો

## ૫.૧ કપાસ

### (ક) કપાસમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ

દક્ષિણ સૌરાષ્ટ્ર આબોહવાકીય વિસ્તારની મધ્યમ કાળી, ચુનાયુકત જમીનમાં હાઈબ્રીડ કપાસ ઉગાડતા ખેડૂતોને પાકને ભલામણ કરેલ નાઈટોજનનો જથ્થો ફકત યુરિયા સ્વરૂપે આપવાની ભલામણ કરવામાં આવે છે

(પ્રાધ્યાપક અને વડા, કૃષિ રસાયણશાસ્ત્ર વિભાગ, જૂકૃયુ, જૂનાગઢ)

## (૬) બાગાયતી પાકો

### ૬.૧ આંબો

### (ક) આંબાના બાટા તથા કલમો

ગુજરાત રાજયમાં આંબાના બાટા તેમજ કલમો બનાવતા નર્સરી ધારકોને ભલામણ કરવામાં આવે છે કે ઈ.સી. ૨.૦૦ ડી. એસ. એમ.$^{-૧}$ સુધી ક્ષારવાળા પાણીમાં જુસ્સાદાર વૃધ્ધિ તેમજ વધુ સંખ્યામાં બાટા મેળવવા માટે આંબાની કેસર જાતનો ઉપયોગ કરવો.
(પ્રાધ્યાપક અને વડા, બાગાયતશાસ્ત્ર વિભાગ, જૂકૃયુ, જૂનાગઢ

### ૬.૨ લીંબુ

### (ક) લીંબુમાં છટણી અને રાસાયણિક ખાતરનો ઉપયોગ

કાગદી લીંબુના પાકની ખેતી કરતા દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, મધ્યમ છટણીથી નવીનીકરણ કરેલ (૨૦ વર્ષ ઉમરના) લીંબુના ઝાડને ૨૫ કિલોગ્રામ છાણીયુ ખાતર, નાઈટ્રોજન ના અડધો જથ્થો એટલે કે ૨૨૫ ગ્રામ, ૩૭૫ ગ્રામ ફોસ્ફરસ અને ૨૫૦ ગ્રામ પોટાશ ચોમાસાની શરુઆતમાં અને નાઈટ્રોજન ના બાકીનો અડધો જથ્થો એટલે કે ૨૨૫ ગ્રામ માર્ચ મહિનામાં આપવાથી હેકટર દીઠ વધારે ચોખ્ખા નફા સાથે વધુ ઉત્પાદન અને સારી ગુણવતાવાળા ફળો મળે છે.
(પ્રાધ્યાપક અને વડા, બાગાયતશાસ્ત્ર વિભાગ, જૂકૃયુ,જૂનાગઢ)

## ૭ શાકભાજીના પાકો

### ૭.૧ ડુંગળી

### (ક) ડુંગળીમાં થ્રીપ્સનું નિયંત્રણ

દક્ષિણ સૌરાષ્ટ્ર વિસ્તારમાં ડુંગળીના પાકમાં આવતી થ્રીપ્સ જીવાતના નિયંત્રણ માટે પોલીટ્રીન–સી ૪૪ ઈસી દવા ૦.૦૪૪ ટકા (૧૦ લિટર પાણીમાં ૧૦ મિલિ દવા) અથવા એન્ડોસલ્ફાન ૩૫ ઈસી ૦.૦૭ ટકા (૧૦ લિટર પાણીમાં ૨૦ મિલિ દવા) અથવા પ્રોફેનોફોસ ૫૦ ઈસી ૦.૦૫ ટકા (૧૦ લિટર પાણીમાં ૧૦ મિલિ દવા) અથવા ઈમીડાકલોપ્રીડ ૧૭.૮ એસએલ ૦.૦૦૪ ટકા (૧૦ લિટર પાણીમાં ૨.૨ મિલિ દવા) અથવા કાર્બોસલ્ફાન ૨૫ ઈસી ૦.૦૫ ટકા (૧૦ લિટર પાણીમાં ૨૦ મિલિ દવા) ના બે છંટકાવ, પ્રથમ છંટકાવ થ્રીપ્સનો ઉપદ્રવ જોવા મળે ત્યારે અને બીજો છંટકાવ ત્યારબાદ પંદર દિવસ પછી કરવાની ભલામણ છે.

(સંશોધન વૈજ્ઞાનિક(લસણ–ડુંગળી), શાકભાજી સંશોધન કેન્દ્ર,જૂકૃયુ, જૂનાગઢ )

### (ખ) ડુંગળીના બીજનું વધુ ઉત્પાદન મેળવવા

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના રવિ ઋતુમાં બીજ ઉત્પાદન માટેની ડુંગળી (ગુજરાત સફેદ ડુંગળી–૧) નું વાવેતર કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે ડુંગળીના બીજનું આર્થિક રીતે વધુ ઉત્પાદન મેળવવા માટે ડુંગળીના કંદનુ પાળા ઉપર ૩૦ × ૩૦ સે.મી. ના અંતરે વાવેતર કરવુ.

(સંશોધન વૈજ્ઞાનિક (લસણ–ડુંગળી), શાકભાજી સંશોધન કેન્દ્ર,જૂકૃયુ, જૂનાગઢ )

## ૭.૨ ટમેટી

### (ક) શિયાળુ ઋતુમાં ટમેટીના પાકમાં ટપક પિયત પધ્ધતિનો ઉપયોગ

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત–આબોહવાકીય વિસ્તારના શિયાળુ ઋતુમાં ટમેટાનું (ગુજરાત ટમેટા–૧) વાવેતર કરતા ખેડૂતોને સલાહ આપવામાં આવે છે કે ટમેટાનું વધુ ઉત્પાદન અને ચોખ્ખુ વળતર મેળવવા માટે પાકને ટપક પધ્ધતિથી ૧.૦ બાષ્પિભવનાંકે પિયત આપવુ જોઈએ.

**ટપક સિંચાઈ પધ્ધતિની વિગત આ મુજબ છે.**

૧. બે લેટરલ વચ્ચે અંતર ૯૦ સે.મી.

૨. બે ટપકણીયા વચ્ચે અંતર ૬૦ સે.મી.

૩. ટપકણીયાનો ડીસ્ચાર્જ ૪ લીટર/ કલાક

૪. એકાંતરે દિવસે એક કલાક અને ૪૫ મીનીટ સીસ્ટીમ ચલાવવી

૫. ઓપરેટીંગ પ્રેસર ૧.૨ કિ.ગ્રા./ સે.મી.$^{૨}$

વધુ માં શિયાળું ટમેટીના પાકમાંથી વધુ નફો મેળવવા માટે ભલામણ કરેલ રાસાયણિક ખાતર એટલે કે ૭૫–૩૭.૫–૬૨.૫ ના.ફો.પો. કિ./હે. સાથે ૧૦ ટન છાણીયુ ખાતર આપવાની ભલામણ કરવામાં આવે છે.

(પ્રાધ્યાપક અને વડા , કૃષિ વિજ્ઞાન વિભાગ, જૂકૃયુ, જૂનાગઢ)

## ૭.૩ ભીંડા

(ક) ભીંડામાં સંકલિત જીવાત વ્યવસ્થા

દક્ષિણ સૌરાષ્ટ્રમાં ભીંડાનું વાવેતર કરતાં ખેડૂતો માટે ભીંડાની જીવાતોના અસરકારક અને અર્થક્ષમ સંકલિત નિયંત્રણ માટે (૧)થાયામીથોકઝામ ૨.૮ ગ્રામ / કિ.ગ્રા.
બીજ મુજબ માવજત આપવી (૨) નુકસાન પામેલ ડૂંખ ને તોડી ઈયળ સાથે નાશ કરવો (૩) ડૂંખ માં નુકસાન જોવા મળે ત્યારે હેકટરે ૨૦ ની સંખ્યામાં ફીરોમોન ટ્રેપ ગોઠવવાંઅને (૪)એન્ડોસલ્ફાન ૦.૦૭ ટકા દવાનો છંટકાવ જરૂરીયાત મુજબ કરવાની ભલામણ છે.
(પ્રાધ્યાપક અને વડા ,કિટકશાસ્ત્ર વિભાગ, જૂકૃયુ, જૂનાગઢ)

## ૮ મસાલાના પાકો

## ૮.૧ ધાણા

### (ક) ધાણામાં ભૂકીછારાનું નિયંત્રણ

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના ખેડૂતોને ધાણાના પાકને ભૂકીછારા રોગથી બચાવવા માટે હેકઝાકોનેઝોલ ૦.૦૦૫ ટકા (૧૦ લિટર પાણીમાં ૧૦ મિ.લિ દવા) અથવા પ્રોપીકોનાઝોલ ૦.૦૨૫ ટકા (૧૦ લિટર પાણીમાં ૧૦ મિ.લિ. દવા) ના ત્રણ છંટકાવ રોગની શરૂઆત થાય તૂરતથી ૧૫ દિવસના અંતરે કરવા ભલામણ કરવામાં આવે છે.
( પ્રાધ્યાપક અને વડા, વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ,જકૃયુ, જૂનાગઢ)

## ૮.૨ જીરૂ

### (ક) જીરૂમાં ભૂકીછારાનું નિયંત્રણ

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના ખેડૂતોને જીરાના પાકને ભૂકીછારા રોગથી બચાવવા માટે હેકઝાકોનેઝોલ ૦.૦૦ ટકા (૧૦ લિટર પાણીમાં ૧૦ મિ.લિ. દવા) અથવા પ્રોપીકોનેઝોલ ૦.૦૨૫ ટકા (૧૦ લિ. પાણીમાં ૧૦ મિ.લિ. દવા) અથવા ડાયફેનાકોનાઝોલ ૦.૦૨૫ ટકા (૧૦ લિટર પાણીમાં ૧૦ મિ.લિ. દવા) ના ત્રણ છંટકાવ રોગની શરુઆત થાય તૂરતથી ૧૫ દિવસના અંતરે કરવા ભલામણ કરવામાં આવે છે.

( પ્રાધ્યાપક અને વડા, વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ,જકૃયુ, જૂનાગઢ)

### (ખ) જીરૂનું વધુ ઉત્પાદન મેળવવા વાવેતરનો સમય

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના ખેડૂતોને જીરાના પાકમાં ઓછો ભૂકીછારો આવે અને વધારે ઉત્પાદન માટે ઓકટોબરના ચોથા અથવા ત્રીજા અઠવાડીયામાં વાવેતર કરવા ભલામણ કરવામાં આવે છે.

( પ્રાધ્યાપક અને વડા, વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ,જકૃયુ, જૂનાગઢ)

## ૯. કૃષિ ઈજનેરી

### (ક) મગફળી ખંખેરવા જેએયુ ટ્રેકટરથી ચાલતા ગ્રાઉન્ડનટ ડીગર–વ–સેકરનો ઉપયોગ

ખેડૂતો અને ઉત્પાદકોને ટ્રેકટરથી ચાલતા મગફળી કાઢી ખંખેરવાના " જેએયુ" સાધનનો ઉપયોગ કરવાની ભલામણ કરવામાં આવે છે. જેનાં ઉપયોગથી દેશી બ્લેડ હેરોની સરખામણીમાં ૩૦ ટકા કિંમતમાં તથા ૧૫ ટકા સમયમાં બચત કરી શકાય છે

(પ્રાધ્યાપક, ફાર્મ એન્જીનીયરીંગ વિભાગ, કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ)

(ખ) મગફળીના ડોડવા બહાર કાઢવા " જેએયુ " ગ્રાઉન્ડનટ પોડ એકસ્પોઝરનો ઉપયોગ

ખેડૂતો અને ઉત્પાદકોન મગફળી કાઢયા પછી જમીનમાં રહી ગયેલ ડોડવાને બહાર કાઢવા ટ્રેકટરથી ચાલતું " જેએયુ " ગ્રાઉન્ડનટ પોડ એકસ્પોઝરને ઉપયોગમાં લેવાની ભલામણ કરવામાં આવે છે. આ ઓજારનાં ઉપયોગ કરવાથી એક જ વખતમાં ૯૩ ટકા જેટલા ડોડવા જમીનમાંથી કાઢી શકાય છે અને રૂઢીગત સાધનની સરખામણીએ આશરે ૧૨ ટકા જેટલા સમયની બચત થાય છે.

(પ્રાધ્યાપક, ફાર્મ એન્જીનીયરીંગ વિભાગ, કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ)

### (ગ) " જેએયુ " વર્ટીકલ કન્વેયર હાર્વેસ્ટરનો ઉપયોગ

ખેડૂતો અને ઉત્પાદકોને મીની ટેંકટરની આગળ લગાડી શકાય તેવું " જેએયુ " વર્ટીકલ કન્વેયર હાર્વેસ્ટર, ધાન્ય અને ઘાસચારાનાં પાકોની કાપણી માટે ઉપયોગ કરવાની ભલામણ કરવામાં આવે છે. જેનાં ઉપયોગથી હાથથી કરાતી કાપણીની સરખામણીમાં ૩૦ ટકા જેટલો કાપણી ખર્ચ બચાવી શકાય છે.

(પ્રાધ્યાપક, ફાર્મ એન્જીનીયરીંગ વિભાગ, કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ)

**(ઘ) ચોમાસામાં વહી જતા પાણીનો સંગ્રહ**

ઉતર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારમાં વધુમાં વધુ વરસાદ આવવાની શકયતા હવામાનનાં ૨૬ થી ૩૧, ૩૪ અને ૩૯ માં અઠવાડીયામાં જોવા મળેલ છે. જેથી આ હવામાનનાં અઠવાડીયામાં ચોમાસુ સમય દરમ્યાન વહી જતા વરસાદનાં પાણીનો સંગ્રહ કરવો જોઈએ, જેથી તેનો ઉપયોગ જમીનમાં ભેજનાં અછતનાં સમયમાં પાકને બચાવવા પૂરક પિયત તરીકે કરી શકાય.

(સંશોધન વૈજ્ઞાનિક (કૃષિ ઈજનેરી),સૂકી ખેતી સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, તરઘડીયા)

**(ચ) મગફળીના બીજની ગુણવતા**

સૌરાષ્ટ્રનાં ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, ઊનાળુ મગફળીની કાપણી બાદ છાયામાં સુકવણી કરી ૮ થી ૮.૫૦ ટકા ભેજે ચાર માસ માટે સંગ્રહ કરતા, દાણા અને ડોડવાના વજનમાં સૌથી ઓછો ઘટાડો ( ૪.૯૨ અને ૪.૮૬ ટકા), વધારે ઉગાવાના ટકા (૮૧.૦૪ ટકા), ડોડવામાં થતું નુકસાન ( ૧૦.૬૬ ટકા ) અને વધારે જુસ્સા આંક (૫૨૩.૫૭) ધ્યાનમાં લેતા મગફળી ની જીજી–૭ તથા જીજી–૨ જાત સારી માલુમ પડેલ છે.

તેજ રીતે ચોમાસુ મગફળીની કાપણી બાદ સુકવણી કરી ૮ થી ૮.૫૦ ટકા ભેજે છ માસ માટે સંગ્રહ કરતા, દાણા અને ડોડવાના વજનમાં સૌથી ઓછો ઘટાડો ( ૪.૨૦ અને ૨.૦૬ ટકા), વધારે ઉગાવાના ટકા (૮૧.૬૬ ટકા ), ડોડવામાં થતું નુકસાન ( ૯.૨૨ ટકા) અને વધારે જુસ્સા આંક (૪૯૧.૮૦) ધ્યાનમાં લેતા મગફળી ની જીજી–૭ તથા જીજી–૨ જાત સારી માલુમ પડેલ છે.

(પ્રાધ્યાપક અને વડા, એગ્રીકલ્ચરલ પ્રોસેસ એન્જીનીયરીંગ વિભાગ, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ )